| | | | |
|---|---|---|---|
| **રજુ તારીખ** | ૨૦/૦૪/૨૦૨૬ | | |
| **દાખલ તારીખ** | ૨૦/૦૪/૨૦૨૬ | | |
| **ફેંસલ તારીખ** | ૩૦/૦૭/૨૦૨૬ | | |
| **અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૩ | ૧૦ |

# પારડીના મહે. અધિક જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. પારડી.

ક્રિમીનલ કેસ નં.૧૧૯૬/૨૦૨૬
આંક–

**<u>ફરિયાદી</u>** :– શ્રી સરકાર

**વિરુઘ્ઘ**

**<u>આરોપી</u>** : – કૌશીકાબેન હરીશભાઈ ડિમ્મર
ઉ.વ.૩૭, રહે. નવસારી, માસીવાડ ભેસલખાડા, ટેકર ફળીયા, તા.જી.નવસારી

| | |
|---|---|
| ગુનો | **ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એએ મુજબનો..** |

| | |
|---|---|
| **ફરિયાદ પક્ષે** | **વિ.એ.પી.પી.શ્રી આર.સી.પટેલ** |
| **આરોપી પક્ષે** | **વિ. વ. શ્રી એ.એમ.પાંડે...** |

| | |
|---|---|
| **સમક્ષ** | **શ્રી પી.એ.શર્મા , મહે.શ્રી અધિક જ્યુ.મેજી.ફ.ક.,પારડી.** |

**<u>–:: ઠરાવ :–</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, કોલમ નં.(૧૧) માં જણાવેલ તહો. મજકુર તા.૨૪/૧૦/૨૦૨૫ ના રોજ કલાક.૧૬/૪૫ વાગ્યે મોજે. કલસર પાતલીયા ચેક પોસ્ટ રોડ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાના પાસેના થેલામાં ભારતીય બનાવટની વિદેશી દારૂ સીગ્રામ્સ રોયલ સ્ટેગ કલાસીક વ્હીસ્કી 750 મીલીવાળી બાટલીઓ કુલ્લે નંગ–૦૩ ( જેમાં ૨.૨૫ લીટર ) કિંમત રૂપિયા.૪૫૦૦/– નો પ્રોહી મુદામાલ વગર પાસ પરમીટે ગેર કાયદેસર રીતે રાખી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, બનાવની વિગતે આ કામના ફરીયાદીએ પા.પો.સ્ટે.III.માં ગુ.ર.નં .૪૩૮૪/૨૦૨૫ થી પ્રોહીબીશન એકટની કલમ: ૬૫ એએ મુજબનો ગુનો નોંધવામાં આવેલો અને આ ગુનાની પોલીસ તપાસના અંતે આ કામના આરોપી વિરુઘ્ઘ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત

કરવામાં આવેલ. તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ જયુ.મેજી. ફ.ક. સાહેબનીત્ર ે અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપી હાજર થતાં જેઓની બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને ગુના વિશે સમજ કરી, આંક–૦૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક–૦૫ આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: <u>મૌખિક પુરાવા</u> :–**

| **અ.નં.** | **વિગત** |
|---|---|
| **૧.** | આંક–૦૭ થી પંચ કલ્પેશભાઈ શૈલેષભાઈ પટેલની જુબાની |
| **૨.** | આંક–૦૯ થી કિર્તીભાઈ ભરતભાઈ ઉગરેજીયાની જુબાની |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અ.નં.** | **વિગત** |
|---|---|
| **૧.** | આંક–૦૮ થી મુદામાલ રીકવરી પંચનામાની નકલ |

(૫) ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદો તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ **<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઈમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી. પાના નં. ૮૫</u>** ના ચુકાદામાં નામદર કોર્ટે ઠરાવેલ છે કે, જયારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સંજોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ

ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીના બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી.

(૭) ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. કોલમ નં.(૧૧) માં જણાવેલ તહો. મજકુર તા.૨૪/૧૦/૨૦૨૫ ના રોજ કલાક.૧૬/૪૫ વાગ્યે મોજે. કલસર પાતલીયા ચેક પોસ્ટ રોડ ઉપર તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાના પાસેના થેલામાં ભારતીય બનાવટની વિદેશી દારૂ સીગ્રામ્સ રોયલ સ્ટેગ કલાસીક વ્હીસ્કી 750 મીલીવાળી બાટલીઓ કુલ્લે નંગ-૦૩ ( જેમાં ૨.૨૫ લીટર ) કિંમત રૂપિયા.૪૫૦૦/- નો પ્રોહી મુદામાલ વગર પાસ પરમીટે ગેર કાયદેસર રીતે રાખી પકડાઈ જઈ ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

(૮) મારા જવાબ નીચે મુજબ છે. :-

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-: <u>કારણો</u>:-**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૯) આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંન કરવામાં આવેલ છે.

(૧૦) સદર કામે અનુક્રમે આંક-૦૭ થી પંચ કલ્પેશભાઈ શૈલેષભાઈ પટેલ તથા આંક-૦૯ થી કિર્તીભાઈ ભરતભાઈ ઉગરેજીયાને તપાસેલ છે.સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમ્યાન આંક-૦૮ થી મુદામાલ રીકવરી પંચનામું રજુ રાખે છે. પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની

પરવાનગીથી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચ સાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પંચસાહેદોની જુબાની તથા આંક-૦૮ થી મુદામાલ રીકવરી પંચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૧)** આમ, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત સાહેદો પુરાવા રજુ કરવામાં આવેલ છે. તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી. આમ, ફરીયાદપક્ષે તપાસમાં મહત્વપુર્ણ ખામી રહેલી છે તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીની જ માલિકીનો હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. ચાર્જશીટના કાગળો જોતાં આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યા અંગે કોઈ રસીદ આપવામાં આવેલ હોય તેવું પણ જણાતું નથી કે તે અંગે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ પુરાવો પણ રજુ રાખવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસમાં અનેકવિધ ત્રુટીઓ રહેલી છે.

**(૧૨)** સદર કામે ફરીયાદપક્ષે તપાસેલ પંચસાહેદો ધ્વારા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવામાં આવેલ છે. પરંતુ, પંચસાહેદો ધ્વારા પંચનામાની તમામ હકીકતો નો ઈન્કાર કરવામાં આવેલ છે. **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u>** માં સ્થાપિત કરવામાં આવેલ છે કે, જયારે પંચસાહેદ ધ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સં જોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

**(૧૩)** વધુમાં, **<u>માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૧ જી.એલ.એચ.ઈ.એલ.- એચ.સી.-પાના નં. ૨૨૭૬૯૮ માં</u>** પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' જો પંચસાહેદ ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપી ને શંકાનો લાભ આપી શકાય.''

**(૧૪)** વધુમાં, ફરીયાદપક્ષે જે પંચ સાહેદ તપાસેલ છે તે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતાં ના હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીના કબ્જામાંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. **<u>સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, " Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony

of the Police Officer who conducted the search."
" The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search. "

(૧૫) આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી તે સં જોગોમાં આરોપીને પ્રોહીબીશનના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેના કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ '' નકારમાં '' આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છુ.

**–: હુ ક મ :–**

**૧.** આરોપી:–કૌશીકાબેન હરીશભાઈ ડિમ્મરને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧)અન્વયે પ્રોહીબીશન એકટની કલમ: ૬૫ એએ અન્વયેના શિક્ષાનેપાત્ર ગુનામાંથી પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ વિદેશી દારૂનો નાશ કરવો.

**૩.** આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ અદાલતમાં આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

– ઠરાવ આજ તા.૩૦, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

મુ. પારડી.
તા. ૩૦/૦૭/૨૦૨૬

**(પી.એ. શર્મા)**
**અધિક સીવીલ જજ અને**
**જે.એમ.એફ.સી.પારડી**
**જી.જે. ૦૧૬૭૦**